| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૨–૧૧–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૨–૧૧–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૨૨ |

**કુતિયાણાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. કુતિયાણા.**

**ફોજદારી કેસ નં.૭૪૫/૨૦૨૫**
આંક–

શ્રી સરકાર ....................*ફરિયાદી*

**–:: વિરૂધ્ધ ::–**

મેરામણભાઈ ભીખુભાઈ ભેટારીયા
ઉ.વ.૨૫,
રહે.ચીખલોદ્રા ગામ, તા.માણાવદર,
જી.જુનાગઢ. ..................... *આરોપી*

---

શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી. શ્રી જે.કે.પંડયા.
આરોપીપક્ષ તરફે :– વિ.વ.શ્રી એસ.પી.લખલાણી

---

**ગુનો:– બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૧૮૧ મુજબ.............**

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૩:૧૦ વાગ્યાના અરસામાં કુતિયાણા ચૌટા ચેકપોસ્ટ રાજકોટ–પોરબંદર નેશનલ હાઈવે રોડ પર પોતાના કબજા હવાલાવાળી મારૂતી સુઝુકી કંપનીની ઈકો કાર જેના રજી.નં. GJ-05-JC-2186 વાળી વગર ડ્રાઈવીંગ લાયસન્સે સરીયામ બેકાળજીથી પુરઝડપે, માનવ જીંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડમાં જાહેર રોડ ઉપર ચલાવી મળી આવી પકડાઈ જઈને આરોપીએ બી.એન. એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,

૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ,જે બાબતે ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં ગુ.રજી. નં.૧૧૨૧૮૦૦૪૨૫૦૪૩૧/૨૫ થી ફરીયાદ નોંધી ત.ક. અમલદારએ આ ગુનાની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૧૮૧ મુજબના ગુના સબબ અત્રેની અદાલતમાં બી.એન.એસ. એસ.ની કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ અને ત્યારબાદ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ છે તથા વકીલની સવલત મળેલ છે જેની ખાત્રી કરેલ અને ત્યારબાદ આરોપીની આ ગુના અંગે **આંક–૦૪** મુજબની વિગતવારની પ્લી લીધેલ છે અને ત્યારબાદ આરોપીને પ્લી વાંચી સંભળાવી સમજાવીને આરોપીનો પ્રાથમિક જવાબ લેતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૬ | વિજયભાઈ બોઘાભાઈ કરમટા | પંચસાહેદ |
| (૨) | ૦૮ | બાવન સરમણભાઈ મોરી | પંચસાહેદ |
| (૩) | ૦૯ | અક્ષયકુમાર જગતસીંહ ઝાલા | ફરીયાદી |
| (૪) | ૧૧ | શિવદતસિંહ ઘનશ્યામસિંહ જાડેજા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ |

| | | |
|---|---|---|
| (૨) | ૧૦ | અસલ ફરીયાદ |
| (૩) | ૧૨ | સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |
| (૪) | ૧૩ | આર.સી.બુકની નકલ |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાં બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને બચાવ પક્ષે તેમનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૩:૧૦ વાગ્યાના અરસામાં કુતિયાણા ચૌટા ચેકપોસ્ટ રાજકોટ–પોરબંદર નેશનલ હાઈવે રોડ પર પોતાના કબજા હવાલાવાળી મારૂતી સુઝુકી કંપનીની ઈકો કાર જેના રજી.નં .**GJ-05-JC-2186**વાળી વગર ડ્રાઈવીંગ લાયસન્સે સરીયામ બેકાળજીથી પુરઝડપે, માનવ જીંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડમાં જાહેર રોડ ઉપર ચલાવી મળી આવી પકડાઈ જઈ આરોપીએ બી.એન. એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

***–:: કારણો ::–***

***મુદ્દા નં. ૧ ની ચર્ચા ::–***

(૭) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલો ધ્યાને લેતાં, સૌપ્રથમ આ કામે પંચસાહેદ વિજય બોઘાભાઈ કરમટાને આંક–૦૬ થી તથા બીજા પંચસાહેદ બાવન સરમણભાઈ મોરીને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો આંક–૦૭ નાં આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચસાહેદો છે. પરંતુ સદર પંચસાહેદોએ તેઓની સરતપાસમાં માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ હોય, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, વિ.એ.પી.પી.શ્રી એ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જ્યારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલ કાગળમાં સહી કરેલી અને તે સિવાય તેઓ પંચનામાની વિગતે કાંઈ જાણતા નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં ફરીયાદી અક્ષયકુમાર જગતસીંહ ઝાલાને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદી હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૦ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જ્યારે આરોપી તરફેની ઉલટતપાસમાં **ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે તથા વાહનોની સતત અવર જવરવાળો વિસ્તાર છે. પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં હતા તે તેમજ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા અને કેટલા વાગ્યે બનાવ સ્થળે પહોંચેલા તે હકીકત તેમની ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ વખતે વાહનની ગતી માપવા તેમની સ્પીડગન હતી નહી. જ્યારે તે સિવાયની અન્ય હકીકતોને ફરીયાદીએ ઉલટ તપાસ માં નકારી કાઢેલ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર શિવદતસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની તપાસની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૨ થી સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ તથા આંક–૧૩ થી આર.સી.બુકની નકલ રજુ રાખેલ છે અને પુરતો પુરાવો જણાતા આરોપી સામે ચાર્જશીટ કરેલાની હકીકતો

જણાવેલ છે જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં **ત.ક. અમલદારે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે તથા લોકોની અવર જવરવાળો વિસ્તાર છે. આ કામે તેઓએ કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ નથી. જયારે તે સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦) હવે, ઉપરોકત ચર્ચેલ મૌખિક તથા લેખિત પુરાવાઓનું સંયુકત વિશ્લેષણ કરીએ તો ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામમાં ફરીયાદીએ તેઓની જુબાનીમાં ઉલટમાં બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને વાહનો અને લોકોની અવર–જવરવાળો વિસ્તાર છે તેમ જણાવેલ છે તેમ છતાં આ કામે ત.ક.અમલદારે તપાસના કામે ત્યાંથી એટલે કે સ્થળ ઉપરથી કે આજુબાજુથી કોઈના નિવેદનો લીધેલ નથી કે તેઓને તપાસેલ નથી તેમજ ઉપર ચર્ચા કરી તે મુજબ તટસ્થ અને સ્વતંત્ર પંચએ ફરીયાદપક્ષના કેસને કે આંક–૦૭ વાળા પંચનામાને બિલકુલ સમર્થન કરેલ નથી અને આ પંચસાહેદે તેઓની જુબાનીઓમાં તેઓની રૂબરૂ આંક–૦૭ વાળું પંચનામું કર્યાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેથી તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે અને તે રીતે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદે ફરીયાદીની જુબાનીને કે ત.ક. અમલદારની જુબાનીને સમર્થન કરતો પુરાવો આપેલ નથી તેમજ ત.ક.અમલદારે તેમની જુબાનીમાં ઉલટમાં સ્પષ્ટ જણાવેલ છે કે, આ કામે કોઈ સાહેદોના નિવેદનો તેઓએ નોંધેલ નથી તેમજ આ કામમાં ફરીયાદીની જુબાનીમાં કે ત.ક.અમલદારની જુબાનીમાં તથા ફરીયાદમાં કે પંચનામામાં બનાવ સમયે વાહનની ઝડપ કેટલી હતી તે અંગે આશરે પણ કંઈ જણાવેલ નથી તેમજ આ કામમાં ફરીયાદમાં પંચનામાનો સમય લખેલ છે પરંતુ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા તે તથા બનાવવાળી જગ્યાએ કેટલા વાગે પહોંચેલા તે અને પેટ્રોલીંગમાં કયા વાહનમાં નિકળેલા તે કે તે વાહનનો નંબર પણ ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં કયાંય જણાવેલ નથી અને ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિના આરોપી સામેનો બી.એન.એસ. ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૧૮૧ મુજબનો કોઈ જ ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને આરોપીએ ગુનો કરેલ છે કે નહીં તે અંગે કોર્ટના મનમાં જરા પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળે તેમ આ કોર્ટ માને છે અને આમ, આ કામના

આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને આ ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદા નં.–૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૧૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપ માંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૩જી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૩–૦૪–૨૦૨૬
સ્થળ : કુતિયાણા.

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
**(CODE No. GJ 01433)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા